# જળસંચય સાથે વૃક્ષારોપણ અભિયાન જોડવુ લાભદાયી

**નદીઓને જીવંત કરવા હરીયાળી જરૂરી : મેગા વૃક્ષારોપણ અભિયાન ચલાવવાથી જળસંચયને વધુ સાર્થક બનાવવુ જોઈએ : વૃક્ષો છે તો જળ છે અને જળ છે તો જીવન છે**

ગાંધીનગર, તા. ૧૫

જળસંચય અભિયાનને સતત ત્રણ વર્ષ સુધી ચાલુ રાખી ભાવિ પેઢીને જળ સમૃદ્ધિનો સમૃદ્ધ વારસો આપવાની નેમ વ્યક્ત કરી તે ખૂબ જ સરાહનીય પગલુ છે. પરંતુ આ વ્યાપક અભિયાન સાથે વન વિભાગને જોડી ઠેર ઠેર વૃક્ષારોપણ ઝુંબેશ પણ ચલાવાય તો આ અભિયાન વધુ સાર્થક બનશે.

## સમયસર

ગુજરાતના સ્થાપના દિવસથી સમગ્ર ગુજરાત જળસંચયનુ વ્યાપક અભિયાન હાથ ધરાયુ છે. આ અભિયાન હેઠળ ઠેર ઠેર તળાવો ઉંડા કરવાનુ અને નદીના કોતરોને સાફ કરવાનુ કાર્ય પૂરજોશમાં ચાલી રહ્યુ છે. મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ સ્વપ્ન જોયુ છે તે પ્રમાણે જ જો પૂરી નિષ્ઠાથી કામ ચાલશે તો આગામી દિવસોમાં તેના પરિણામો ચોક્કસ મળશે. આ પરિણામો લાંબાગાળા માટે અસરકારક બનાવવા હોય તો જળસંચયની સાથે જ વૃક્ષારોપણની ઝુંબેશને ચલાવવી જોઈએ. પર્યાવરણશાસ્ત્રીઓના જણાવ્યા અનુસાર જેટલા વૃક્ષો વધુ હશે તેટલુ જળસંચય વધુ થશે. વૃક્ષો થકી જ વરસાદનુ પાણી જમીનમાં ઉતરે છે. આ વાત વૈજ્ઞાનિકોએ પૂરવાર કરી છે. તો જળસંચયની સાથે જ વૃક્ષારોપણ ઝુંબેશને કેમ સરકાર જોડતી નથી.

હાલમાં ઠેર ઠેર જળસંચયના કામો ચાલી રહ્યા છે. ત્યારે વૃક્ષારોપણ ઝુંબેશ સાથે સાથે જ ચલાવવી વધુ લાભદાયી બની રહેશે. સરકારે આ ઝુંબેશમાં ઘણા બધા સરકારી વિભાગોને સાથે જોડ્યા છે. માત્ર વન વિભાગને સાથે જોડી જ્યાં જ્યાં જળસંચયના કામો થઈ રહ્યા છે તેની આસપાસના ખુલ્લા સ્થળોએ ઘનિષ્ઠ વનીકરણ કરવુ જોઈએ. જળસંચયમાં મદદરૂપ બને તેવા વૃક્ષોને અલગ તારવી તેના છોડવાઓ વનવિભાગની નર્સરીમાં તૈયાર કરાવી જળસંચયના કામો થઈ રહ્યા હોય તેની આસપાસ ઉગાડી શકાય. આ માટે ગ્રામજનો અને સંસ્થાઓની મદદ લઈ શકાય. ટૂંક સમયમાં વરસાદની સીઝન શરૂ થવાની છે ત્યારે હાલમાં કરેલુ વૃક્ષારોપણ ઉગી નીકળશે અને ઠેર ઠેર હરકિયાળા વનો ઝુમી ઉઠશે. વરસાદ ન આવે ત્યાં સુધી છોડવાને ઉછેરવાની તેમને સાચવવાની જવાબદારી ગ્રામજનોને આપી શકાય.

જળસંચય માટે જે ગ્રામજનોને તૈયાર કરાયા છે તેમ વૃક્ષારોપણ માટે પણ તેઓને જવાબદાર બનાવી શકાય.

આગામી પેઢીને જળ સમૃદ્ધિનો વારસો આપવો હશે તો વૃક્ષોનો સાથ જરૂરી છે. તળાવો, નદીઓ, ચેકડેમોની આસપાસ વધુ ને વધુ વૃક્ષો ઉછરે તો જળસંચય લાંબાગાળા માટે થઈ શકે છે. જળસંચય અને વૃક્ષારોપણના બે અભિયાનોને સાથે જોડવાથી ખર્ચ પણ ઓછો થઈ શકે છે. જળસંચય અભિયાન પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવી રહ્યો છે ત્યારે વૃક્ષારોપણ અભિયાનને સાથે ચલાવવાથી સરકારને અને જનતાને મોટો ફાયદો થઈ શકે છે.





સાવચેતીના પગલા - છેલ્લા બે મહિનાથી નવા પિકનિક સ્પોટ તરીકે એકાએક વિકસી ગયેલ સંતસરોવરમાં ડૂબી જવાની ઘટનાઓ વધતા અવરજવર પર પ્રતિબંધ મુકાયો છે... સંતસરોવરની અંદર જવા માટે રસ્તો બંધ કરાયો... જાહેરનામુ બહાર પાડ્યું... નોટીસ સ્વરૂપે ત્યાં લગાવાયું... અને શનિ-રવિ મુલાકાતીઓનો ધસારો ન થાય તે માટે તંત્રએ વ્યવસ્થા ગોઠવી દીધી છે... એકાએક ઉભરી આવેલ પિકનિક ડેસ્ટીનેશન પર તકેદારીના ભાગરૂપે હાલ પુરતો પ્રતિબંધ મુકાયો છે...

# ગુજરાતના પ્રથમ એલિવેટેડ કોરીડોરની ચોમાસા બાદ કામગીરી આરંભાશે

**ચિલોડાથી સરખેજ રૂટનુ અંતર માત્ર અડધા કલાકમાં કાપી શકાશે : ખાતમુહુર્ત વિધિમાં પ્રધાનમંત્રી હાજર રહે તેવી સંભાવના : બે વર્ષમાં કામ પુર્ણ કરાશે**

ગાંધીનગર તા ૧૫

સેકટરોમાં નવા મુકાયેલા સાઈન બોર્ડસની જાળવણી ન થતી હોવાના મામલે બોર્ડસને ફ્રેમમાંથી ગઠીયાઓ ચોરીના ઈરાદે ઉઠાવી જવાનો પ્રયાસ કરતા હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. જો કે સાઈન બોર્ડસની કોઈ ખાસ કીંમત ન મળતા બોર્ડસ સ્થળ પર છોડીને જ ચાલ્યા જતા હોવાનો પણ સુર ઉઠવા પામ્યો છે.

શહેરમાં લાખોના ખર્ચે લગાવાયેલા સાઈન બોર્ડસ તસ્કરીના ઈરાદે કાઢવામાં આવતા હોવાનો પણ સુર ઉઠવા પામ્યો છે. જો કે સાઈન બોર્ડ નિકાળ્યા બાદ ગઠીયાઓને કાંઈ હાથ લાગે તેમ ન હોવાનુ માલુમ પડતા જગ્યા પર જ બોર્ડ મુકીને પલાયન થઈ જતા હોવાનુ પણ મનાઈ રહયુ છે. છેલ્લા કેટલાક સમયથી સે-૩ માં બોર્ડસ કાઢી લેવાતા ખાલી ફ્રેમ પણ આમ નાગરિકો માટે અચરજનો વિષય બની છે. તંત્ર દ્વારા બોર્ડસની જાળવણી ન કરવામાં આવતી હોવાના આક્રોશ વચ્ચે ગઠીયાઓ ચોરીના ઈરાદે બોર્ડસ ઉતારી લેતા હોવાનુ પણ મનાઈ રહયુ છે. ગાંધીનગરના મુખ્યમાર્ગો ઉપરાંત સેકટરોના આંતરિક વિસ્તારમાં લાખોના ખર્ચે નવા સાઈન બોર્ડસ લગાવાયા છે. જયારે આ સાઈન બોર્ડસ રાત્રિના દરમિયાન પણ રીફલેકટ થાય તેવા હોવાથી મુલાકાતીઓને યોગ્ય વિઝન મળી રહે છે. સેકટરોના આંતરિક વિસ્તારમાં પણ જુના કટાયેલા બોર્ડસ દુર કરી સેકટરોનો ચિતાર રજુ કરતા નવા સાઈન બોર્ડસ મુકવામાં આવ્યા છે. જુના સાઈન બોર્ડસ બિનઉપયોગી બન્યા હતા. જયારે નવા સાઈન બોર્ડસ રાહદારીઓ માટે પથદર્શક હોવાનો પણ સુર ઉઠવા પામ્યો છે.પરંતુ છેલ્લા કેટલાક સમયથી સેકટરોના આંતરિક વિસ્તારમાં સાઈન બોર્ડસ ફ્રેમમાંથી ગુમ થઈ જતા સ્થાનિકોમાં પણ અચરજ પ્રવર્તાયો છે.

તંત્ર કક્ષાએથી પણ આ મામલે સાઈન બાર્ડસની જાળવણી કરવામાં આવતી ન હોવાનો આક્રોશ ઉઠવા પામ્યો છે. બીજીતરફ આ સાઈન બોર્ડસ જાણભેદુ ગઠીયાઓ દ્વારા ચોરીના ઈરાદે ફ્રેમમાથી કાઢવામાં આવ્યા હોવાનો પણ સુર ઉઠવા પામ્યો છે. તંત્રના જણાંવ્યા મુજબ ચોર ઈસમો આ બોર્ડસને એલ્યુમિનિયમ બેઈઝ સમજી કાઢે છે. પરંતુ તેની કોઈ કિંમત મળે તેમ ન હોવાથી આ પ્રકારના સાઈન બોર્ડસ નજીકમાં જ મુકીને પલાયન થઈ જાય છે. જો કે આ મામલે સેકટરોમાં રાત્રિ દરમિયાન પોલીસ પેટ્રોલીંગ પણ સઘન કરવામાં આવે તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે.

**આજે રાષ્ટ્રીય ડેન્ગ્યુ દિવસ**

# જિલ્લામાં એક સાથે ૩૦ સ્થાનો પર શિબિરો યોજાશે

**ડેન્ગ્યુ ફેલાવતો મચ્છર ટાઈગર મોસ્કીટો તરીકે ઓળખાય છે એટલુ જ નહિ પણ તેના વજન કરતાં અઢી ગણુ લોહી પી ને તે રોગ ફેલાવે છે**

ગાંધીનગર, તા. ૧૫

૧૬મી મે એ રાષ્ટ્રીય ડેન્ગ્યુ દિવસ તરીકે ઉજવવાનો નિર્ણય ભારત સરકારે કરેલો છે અને છેલ્લા કેટલાક વર્ષોથી આની ઉજવણી કરવામાં આવી રહી છે.



ગાંધીનગર જિલ્લામાં આજે ડેન્ગ્યુ દિવસની ઉજવણી એક સાથે ૩૦ જેટલા સ્થાનોએ શિબિર યોજી કરવામાં આવનાર છે. આ દિવસની ઉજવણીનો મુખ્ય હેતુ આ રોગ સામે લોક જાગૃતિ કરવાનો વધુ છે.

આજે ડેન્ગ્યુ દિવસ હોઈ આ રોગ ફેલાવતા એડીસ મચ્છરની કેટલીક વણકથી વાતો વાચકો સમક્ષ રજુ કરી રહ્યા છે. આ એડીસ મચ્છર આમ તો દિવસ દરમ્યાન જ કરડે છે અને તેને 'ટાઈગર મોસ્કીટો' તરીકે પણ તબીબી જગતમાં ઓળખવામાં આવે છે.

આ મચ્છર એક ચમચી ચોખ્ખા પાણીમાં ઉછરતા હોવાથી આ મચ્છરના ઉત્પત્તિ કેન્દ્રો પણ ઘણા હોય છે. આ એડીસ મચ્છરના ઈંડા પાણીના પાત્રમાં ચોંટીને રહેતા હોય છે જે એક વર્ષ સુધી જીવીત રહેતા હોય છે. પાણીના પાત્રને ખાલી કર્યા પછી પણ તે એક વર્ષ સુધી જીવીત રહેતા હોય છે અને તે નરી આંખે દેખાતા પણ નથી.

આ એડીસ મચ્છર દિવસ દરમ્યાન કરડે છે અને તે કરડ્યા પછી ૪૦૦ મીટરથી વધુ ઉડી શકતો

● અનુસંધાન પાન-૭ પર



શનિ જયંતિ - શનિદેવની ઉપાસના આજકાલ શ્રદ્ધાપૂર્વક થાય છે...વૈશાખ માસની અમાસ એટલે શનિ જયંતિ... શનિ ભગવાનને રાજી રાખવા ભક્તો વહેલી સવારથી શનિ મંદિરો પર ઉમટ્યા હતા... ભાવપૂર્વક પૂજન અર્ચન કરી શનિ મહારાજની કૃપા મેળવવા પ્રાર્થના કરી હતી... શનિ જયંતિ નિમિત્તે ગાંધીનગર પાસે અડાલજ ખાતે આવેલા શનિ મંદિરે ભાવિકો મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા...

# જમીન વિકાસ નિગમના મેનેજીંગ ડીરેક્ટરની જામીન અરજી નામંજુર

ગાંધીનગર તા ૧૫

સે-૧૦- સ્થિત જમીન વિકાસ નિગમની કચેરીમાં એ સી બી ની રેઈડ દરમિયાન લાખોન રોકડ તેમજ દાગીના સાથે ઝડપાયેલા મેનેજીંગ ડીરેકટર સહીત અન્ય અધિકારીઓના કેસમાં નિગમના મેનેજીંગ ડિરેકટર કનૈયાલાલ દેત્રોજાની જામીન અરજી ગાંધીનગર કોર્ટે નામંજુર કરી છે.

આ કેસની પ્રાપ્ય વિગત અનુસાર સે-૧૦ માં સ્થિત જમીન વિકાસ નિગમની કચેરીમાં એ સી બીના અધિકારીઓએ રેઈડ કરી હતી. જયારે આ રેઈડ દરમિયાન જોઈન્ટ ડાયરેકટર કે સી પરમારના ચેમ્બરની તપાસમાં ટેબલની ડાબી સાઈડના ડ્રોઅરમાંથી મોટી માત્રમાં ચલણી નોટો સહીત રૂ ૪૦.૪૨ લાખની રોકડ મળી આવી હતી. જમીન વિકાસ નિગમના મેનેજીંગ ડિરેકટર કનૈયાલાલ સુંદરજી દેત્રોજા સહીત અન્ય અધિકારીઓ મોટી રોકડ સાથે ઝડપાતા તેમની સામે ફરિયાદ દાખલ કરી પોલીસે રીમાન્ડ મેળવવા માટેની પ્રક્રીયા હાથ ધરી હતી. જેના અંતે આરોપીના રીમાન્ડ ૧૪ દિવસના રીમાન્ડ મંજુર કરવામાં આવ્યા હતા.


જાવક નં.-જાહેર ટેન્ડર નોટીસ- - ૨૦૧૮-૨૦૧૯

પ્રાંતિજ નગર પાલિકા કચેરી
પ્રાંતિજ, તા. /૦૫/૨૦૧૮

**જાહેર ટેન્ડર નોટીસ**
**બીજો પ્રયત્ન**
**૨૦૧૮-૨૦૧૯**

સને ૨૦૧૮-૨૦૧૯ના વર્ષ માટે પ્રાંતિજ નગરપાલિકાના વિવિધ વિભાગો માટે જરૂરીયાત મુજબ માલ સામાન ખરીદ કરવા / કામગીરી કરાવવા સારૂ ટેન્ડર માંગવામાં આવે છે. સદર ટેન્ડર નોટીસ પ્રસિદ્ધ થયા તારીખથી તા. ૨૧-૫-૨૦૧૮ સુધીમાં જે તે વિભાગમાં રસ ધરાવતા ઠેકેદારશ્રીએ કોલમમાં દર્શાવેલ ટેન્ડર ફી રૂબરૂ ભરી મેળવી લેવા અને ટેન્ડર ફીની પાવતી ઝેરોક્ષ તથા જે કોલમમાં જે તે વિભાગ માટે દર્શાવેલ ડીપોઝીટનો F.D.R. ટેન્ડર સાથે બંધ કવરમાં જે તે વિભાગનું કવર ઉપર નામ લખી ફક્ત ભારતીય પોસ્ટ દ્વારા R.P.A.D.થી ટપાલ કરી તા. ૨૪-૫-૨૦૧૮ના સાંજના ૧૬-૦૦ કલાક સુધીમાં મળી જાય તે રીતે નીચે જણાવેલ શરતો આધિન સ્વીકારવામાં આવશે.

| અ. નં. | વિભાગનું નામ | ટેન્ડર ફીની રકમ | ડીપોઝીટની રકમ |
|---|---|---|---|
| ૦૧ | ગટરની ચેમ્બર હોલ સાફ કરવા તથા ગટરમાંથી કાઢવામાં આવેલ કચરાનો યોગ્ય જગ્યાએ નિકાલ કરવા અંગેનું ટેન્ડર | ૫૦૦-૦૦ | ૧૦,૦૦૦-૦૦ |
| ૦૨ | નગરપાલિકાની જરૂરિયાત મુજબ કોન્ટ્રાક્ટથી ક્લાર્ક કમ કોમ્પ્યુટર ઓપરેટર, ડ્રાયવર (આરોગ્ય વિભાગ) માટે) ડ્રાયવર જે.સી.બી. માટે, કામદાર વૉટર વર્કસ ખોદકામ, કામદાર આરોગ્ય વિભાગ માટે, પુરા પાડવાનું કામ (એક દિસનો ભાવ આપવો) | ૧,૦૦૦-૦૦ | ૧૦,૦૦૦-૦૦ |
| ૦૩ | દિવાબત્તી માલ સામાનનું ટેન્ડર | ૫૦૦-૦૦ | ૧૦,૦૦૦-૦૦ |
| ૦૪ | ટ્રેક્ટર તથા ટ્રોલી સાથે માટી / કચરાનો યોગ્ય જગ્યાએ નિકાલ કરવા તથા જે.સી.બી. દ્વારા માટી ખોદકામ અથવા કચરા નિકાલ માટેનું ટેન્ડર | ૨૫૦-૦૦ | ૫૦૦-૦૦ |
| ૦૫ | બાંધકામ વિભાગ ખાતે પરચુરણ કામગીરી કરવાની કામગીરીના | ૫૦૦-૦૦ | ૧૦,૦૦૦-૦૦ |
| ૦૬ | પાણી પુરવઠા ખાતે સબમર્શીબલ/મોનોસબ/મોટર પેનલ સ્ટાર્ટર તથા કેબલ ખરીદ કરવા માટે | ૫૦૦-૦૦ | ૫,૦૦૦-૦૦ |

**શરતો :-**

(૧) ટેન્ડર ભરનાર ઠેકેદારશ્રીએ ટેન્ડરની સાથે F.D.R. રાષ્ટ્રીયકૃત બેંકમાં F.D.R.A. No. 10829154105 ચીફ ઓફીસર પ્રાંતિજ નગરપાલિકાના નામનો કઢાવી રજી કરવાનો રહેશે. F.D.R. વિના ભરેલ ટેન્ડર અમાન્ય ગણવામાં આવશે.
(૨) તમામ વિભાગના આવેલ ટેન્ડરો અથવા નગરપાલિકા દ્વારા નક્કી કરવામાં આવે તેવા વિભાગના ટેન્ડરો અથવા તમામ વિભાગના ટેન્ડરો મંજુર કરવા, અબાધિત રાખવા, તમામ ટેન્ડર સ્થગિત કરવા કે તમામ ટેન્ડર નામંજુર કરવા અથવા યથા પ્રસંગે નિર્ણય લેવાના તમામ અધિકાર નગરપાલિકા પ્રાંતિજના અબાધિત રહેશે.
(૩) ટેન્ડર નોટીસમાં દર્શાવેલ તારીખ અને દર્શાવેલ સમય પછી આવેલ ટેન્ડરો ધ્યાનમાં લેવામાં આવશે નહીં.
(૪) ઉપરોક્ત તમામ વિભાગમાં રસ ધરાવતા ઠેકેદારશ્રીએ શોપ્સ (ગુમાસ્તા)નું રજીસ્ટ્રેશન પ્રમાણપત્ર ટેન્ડર કોપી સાથે ફરજીયાત બીડવાનું રહેશે. ગુમાસ્તાના રજીસ્ટ્રેશનની નકલ રજૂ કરેલ ન હોવાના કિસ્સામાં ટેન્ડર અમાન્ય ગણવામાં આવશે. જેની ખાસ નોંધ લેશો.
(૫) ઠેકેદારશ્રીએ પોતાના ટેન્ડર ભારતીય ટપાલ દ્વારા R.P.A.D.થી મોકલી આપવાના રહેશે. સાદી ટપાલથી અથવા ખાનગી કુરીયર દ્વારા મોકલી આપવામાં આવેલ ટેવ્ડર અમાન્ય ગણવામાં આવશે.
(૬) ઠેકેદારશ્રીએ અધુરી વિગત, છેકછાક જણાશે તો તેમજ ટેન્ડર સાથે એફ.ડી.આર. તથા ટેન્ડર પાવતી ભર્યાનો આધાર તથા જરૂરી અન્ય આધાર ટેન્ડર સાથે સામેલ ન હોવાના કિસ્સામાં ટેન્ડર અમાન્ય ગણાશે.
(૭) સ્થાનિક ઠેકેદારશ્રીને પ્રથમ અગ્રતા આપવામાં આવશે. તેમજ તમામ વિભાગમાં આવેલ માન્ય ટેન્ડરોમાં જરૂર જણાય નેગોશીએશનની જોગવાઈ રાખવામાં આવેલ છે.
(૮) ક્રમાંક નં. (૦૨) માટે એમ્પ્લોઈઝ પ્રોવિડન્ડ ફંડ કચેરીનો તથા મદદનીશ શ્રમ આયુક્ત ખાતે નોંધાયેલ સંસ્થાન અંગે સને ૨૦૧૮-૨૦૧૯ અથવા પાછલા છેલ્લા વર્ષ ૨૦૧૭-૨૦૧૮નું રજીસ્ટ્રેશનનો આધાર ટેન્ડર અરજી સાથે રજૂ કરેથી ટેન્ડર આપવામાં આવશે. તે સિવાય ટેન્ડર કોપી મળશે નહી.
(૯) ન્યાય ક્ષેત્ર પ્રાંતિજ.

સહી/- (વિશાલ પટેલ) મુખ્ય અધિકારી
સહી/- (ટેકવાણી રાજેશકુમાર રતિલાલ) ચેરમેન, આરોગ્ય વિભાગ
સહી/- (કડીયા દિપકભાઈ હસમુખભાઈ) ચેરમેન, દિવાબત્તી વિભાગ
સહી/- (સોની ગીતાબેન બીપીનભાઈ) ચેરમેન, ગટર વ્યવસ્થા વિભાગ
સહી/- (રાવલ ધવલ ભાસ્કરભાઈ) ચેરમેન, બાંધકામ સમિતિ)
સહી/- (પટેલ કોકીલાબેન વિજયકુમાર) અધ્યક્ષશ્રી, કારોબારી સમિતિ
સહી/- (દેસાઈ નયનકુમાર ભરતભાઈ) ઉપપ્રમુખ
સહી/- (પટેલ ગીતાબેન સંજયકુમાર) પ્રમુખ

**પ્રાંતિજ નગરપાલિકા - પ્રાંતિજ**


# સેકટરોના સાઈન બોર્ડસ ગઠીયાઓ ચોરીના ઈરાદે કાઢી નાંખે છે

**કાંઇ હાથ ન લાગતા ખાલી ફ્રેમ નજીક બોર્ડસ મુકીને પલાયન થઇ જાય છે**

ગાંધીનગર તા ૧૫

સેકટરોમાં નવા મુકાયેલા સાઈન બોર્ડસની જાળવણી ન થતી હોવાના મામલે બોર્ડસને ફ્રેમમાંથી ગઠીયાઓ ચોરીના ઈરાદે ઉઠાવી જવાનો પ્રયાસ કરતા હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. જો કે સાઈન બોર્ડસની કોઈ ખાસ કીંમત ન મળતા બોર્ડસ સ્થળ પર છોડીને જ ચાલ્યા જતા હોવાનો પણ સુર ઉઠવા પામ્યો છે.

શહેરમાં લાખોના ખર્ચે લગાવાયેલા સાઈન બોર્ડસ તસ્કરીના ઈરાદે કાઢવામાં આવતા હોવાનો પણ સુર ઉઠવા પામ્યો છે. જો કે સાઈન બોર્ડ નિકાળ્યા બાદ ગઠીયાઓને કાંઈ હાથ લાગે તેમ ન હોવાનુ માલુમ પડતા જગ્યા પર જ બોર્ડ મુકીને પલાયન થઈ જતા હોવાનુ પણ મનાઈ રહયુ છે. છેલ્લા કેટલાક સમયથી સે-૩ માં બોર્ડસ કાઢી લેવાતા ખાલી ફ્રેમ પણ આમ નાગરિકો માટે અચરજનો વિષય બની છે. તંત્ર દ્વારા બોર્ડસની જાળવણી ન કરવામાં આવતી હોવાના આક્રોશ વચ્ચે ગઠીયાઓ ચોરીના ઈરાદે બોર્ડસ ઉતારી લેતા હોવાનુ પણ મનાઈ રહયુ છે. ગાંધીનગરના મુખ્યમાર્ગો ઉપરાંત સેકટરોના આંતરિક વિસ્તારમાં લાખોના ખર્ચે નવા સાઈન બોર્ડસ લગાવાયા છે. જયારે આ સાઈન બોર્ડસ રાત્રિના દરમિયાન પણ રીફલેકટ થાય તેવા હોવાથી મુલાકાતીઓને યોગ્ય વિઝન મળી રહે છે. સેકટરોના આંતરિક વિસ્તારમાં પણ જુના કટાયેલા બોર્ડસ દુર કરી સેકટરોનો ચિતાર રજુ કરતા નવા સાઈન બોર્ડસ મુકવામાં આવ્યા છે. જુના સાઈન બોર્ડસ બિનઉપયોગી બન્યા હતા. જયારે

● અનુસંધાન પાન-૭ પર


**ટેન્ડર નોટિસ**

ગુજરાત શહેરી વિકાસ કંપની લિમિટેડ, ગાંધીનગર ખાતે કચેરી સ્ટેશનરી આઈટમો જેવી કે વિઝીટીંગ કાર્ડ, લેટર હેડ, વિન્ડો, સાદા તથા ક્લોથ કવર અને પ્લાસ્ટીક ફોલ્ડર વિગેરે પ્રિન્ટીંગની કામગીરી માટે વાર્ષિક ભાવકરાર કરવાના હોઈ, રસ ધરાવતી ગાંધીનગર / અમદાવાદ સ્થિત સંસ્થાઓ પાસેથી સિલબંધ કવરમાં તુલનાત્મક ભાવો મંગાવવામાં આવે છે. આ અન્વયે કંપની દ્વારા નિયત કરાયેલ ભાવપત્રક તા. ૨૪/૦૫/૨૦૧૮ સુધીમાં કચેરીની વેબસાઈટ www.gudcltd.com ઉપરથી ડાઉનલોડ કરી મેળવી લેવા વિનંતિ. સદર પિન્ટીંગના નમૂના કચેરીએથી જોવા મળશે. ટેલિ / ફેક્સ નં. ૨૩૨ ૪૧૮૬૨-૬૫-૬૬, ૨૩૨ ૪૬૧૨૭-૨૮

CIN: U75140GJ19999SGC036051

**વાઈસ પ્રેસીડેન્ટ (સીએ)**



www.capitaloffset.in

**કેપિટલ ઓફસેટ®**

AN ISO 9001:2008 Certified Company

**મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ**

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા

**ગ્રાફિક્સ ડિઝાઈનીંગ**



**ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...**

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
BENELAVE™
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૯૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com